ગુજરાત બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર માટે મંજૂર કરાયેલ હંગામી મહેકમની મુદત વધુ એક વર્ષ લંબાવવા બાબત.

**ગુજરાત સરકાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૨/૬૧૮૩૫૨/છ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા.૦૫/૦૧/૨૦૨૨**

**વંચાણે લીધા :-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/ ૧૦૨૦૧૨/૬૧૮૩૫૨/છ, તા.૩૧.૦૧.૨૦૧૩, તા.૩૦.૦૫.૨૦૧૩, તા.૨૮.૦૨.૨૦૧૪, તા.૨૨.૦૪.૨૦૧૫, તા.૧૯.૦૩.૨૦૧૬, તા.૨૮.૦૩.૨૦૧૭, તા.૨૮.૦૨.૨૦૧૮, તા.૩૦.૦૧.૨૦૧૯, ૨૦.૦૩.૨૦૨૦ તથા ૨૫.૦૩.૨૦૨૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: મકમ/ ૧૦૨૦૧૨/નબા/૭૯૦૮૬/છ, તા.૧૪.૦૫.૨૦૧૩.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૧૬/૮૦૮૫૧/નબા.૩૯/છ, તા.૦૫.૦૫.૨૦૧૬.

(૪) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરનો તા.૮.૧૨.૨૦૨૧નો પત્ર ક્રમાંક:બાઅસં /૧૦૨૦૨૦/મહેકમ/૨૦૨૧-૨૨/૧૭૮૭.

**આમુખ :-**

ભારત સરકારના ધ કમિશન્સ ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ એક્ટ, ૨૦૦૫ (૨૦૦૬નો ૪થો) ની કલમ-૧૭માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર રાજ્યમાં કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સની રચના કરવામાં આવેલ છે. તદઅન્વયે વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) તથા (૩) ના ઠરાવોથી આવશ્યક મહેકમ મંજૂર કરવામાં આવેલ તથા વખતોવખત મંજૂર થયેલ

જગ્યાઓની મુદત વધારવામાં આવેલ છે. સદર જગ્યાઓની મુદત તા.૨૮.૦૨.૨૦૨૨ના રોજ પૂરી થતી હોઈ સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગરે વંચાણે લીધેલા ક્રમાંક: (૪) ના પત્રથી સદર કુલ-૮ હંગામી જગ્યાઓની મહેકમની મુદ્દત તા.૨૮.૦૨.૨૦૨૩ સુધી લંબાવવાની દરખાસ્ત કરેલ. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આ યોગ, ગાંધીનગરની નીચે દર્શાવેલ હંગામી જગ્યાઓને વધુ એક વર્ષ એટલે કે તા.૦૧.૦૩.૨૦૨૨ થી તા.૨૮.૦૨.૨૦૨૩ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમાંક | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | સચિવ(રાજ્ય સરકારના સચિવશ્રી સમકક્ષ) ખાતાના વડાની જગ્યા. | ૧(એક) |
| ૨. | નાયબ સચિવ | ૧(એક) |
| ૩. | સેક્શન અધિકારી | ૦(શૂન્ય) |
| ૪. | સ્ટેનોગ્રાફર કક્ષા-૧ ગુજરાતી/અંગ્રેજી | ૨(બે) |
| ૫. | નાયબ સેક્શન અધિકારી | ૦(શૂન્ય) |
| ૬. | નાયબ હિસાબનીશ | ૧(એક) |
| ૭. | ક્લાર્ક | ૨(બે) |
| | કુલ | ૭(સાત) |

આમ, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ ખાતે મંજૂર થયેલ કુલ-૧૨ (બાર) જગ્યાઓ પૈકી હાલની સ્થિતિએ મંજૂર કુલ-૮(આઠ) જગ્યાઓના મહેકમ પૈકી કુલ-૭(સાત) જગ્યાઓની મુદ્દત ૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. જ્યારે સેક્શન અધિકારીની જગ્યા ૩ વર્ષથી વધુ સમયથી ખાલી હોઇ, રદ કરવામાં આવે છે. નાયબ સચિવની ૧(એક) અને નાયબ હિસાબનીશની ૧(એક) જગ્યા મળી કુલ-૨(બે) જગ્યાઓ એબેયન્સમાં મુકવાની શરતે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ માટે ઉપરોક્ત મહેકમ ચાલુ રાખવા અંગેની મંજૂરી આપવામાં આવે છે. ઉપરાંત એબેયન્સમાં

મુકવામાં આવેલ જગ્યાઓ ભરતાં પહેલા વિભાગ મારફત નાણા વિભાગ(કરકસર પ્રભાગ) પાસેથી પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૭.૧૨.૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત સ્ટેટ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ, બ્લોક નં. ૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી,(સા.ન્યા.),નાણા વિભાગ, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.